ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૪૫ ટકા

# સીટી બસથી ગાંધીનગર પંથકમાં સરળ બનતી મુસાફરી

## સે-૨૮થી ઈન્દિરાબ્રિજનો નવો રૂટ પણ શરૂ કરાયો : સુવિધાથી સજ્જ સલામત મુસાફરીનો શ્રેષ્ઠ પર્યાય પ્રાપ્ત થતા મુસાફરોમાં ખુશી



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરમાં નવી નક્કોર બસો સાથે શરૂ થયેલી સીટી બસ વ્યવસ્થાને મુસાફરોનો બહોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. લાંબા સમય સુધી બંધ રહેલી સીટી બસ સેવાથી મુસાફરોને ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવી પડતી હતી. ગાંધીનગર પંથકમાં આ સીટી બસ સેવા મુસાફરો માટે આર્શીવાદરૂપ સાબિત થઈ છે અને મુસાફરો પણ સીટીબસનો મહત્તમ ઉપયોગ કરી સલામત મુસાફરીને પ્રાધાન્ય આપી રહ્યા છે.

રાજયના પાટનગરને વધુ રળીયામણું બનાવે તેવી સીટી બસો હાલ માર્ગો ઉપર દોડી રહી છે. એકદમ નવી જ સી.એન.જી. આધારિત આધુનિક ટેકનોલોજીની સુવિધાથી સજ્જ સીટી બસો મુસાફરોને આકર્ષી રહી છે. લગભગ બે માસ દરમિયાન મુસાફરોનો જબરદસ્ત પ્રતિભાવ મેળવી રહેલી સીટી બસો નવીન રૂટો ઉપર શરુ કરવાના પ્રયાસો કંપની તરફથી થઈ રહ્યા છે. તાજેતરમાં મુસાફરોની માંગણીને ધ્યાને લઈ સેકટર-૨૮થી ઈન્દિરા બ્રીજનો નવો રૂટ શરુ કરાયો છે જેને સારી સફળતા મળી રહી છે. ગાંધીનગરના રહીશો ઘણા સમય સુધી સીટી બસથી વંચિત રહ્યા હતા અને પોતાના વાહનો તેમજ ખાનગી વાહનો થકી મુસાફરી કરી અકળાઈ ઉઠયા હતા. દરમિયાન મહાનગરપાલિકાએ યોગી નામની કંપનીને શરતો આધિન સીટીબસ ચલાવવાનો પરવાનો આપ્યો હતો. જેમાં આ કંપનીએ નવી જ બસો સાથે ડ્રેસ કોડમાં ડ્રાઈવર, કડંકટર અને ટીકીટ ચેકરને મુકી મુસાફરોની સલામતીને પ્રાધાન્ય આપ્યું છે જે કારણે મુસાફરોમાં પ્રશંસા ઉભી થઈ છે.

આ અંગે યોગી કંપનીના વિરેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે અમોએ મુસાફરોની સલામતી અને તેમની મુસાફરી માટેના ચોકકસ સ્થળોને પ્રાધાન્ય આપ્યું છે. હજુ પણ વધુ રૂટો ઉપર બસો મુકવાની અમારી તૈયારી છે જે મંજુરીની અપેક્ષાએ ટુંક સમયમાં શરુ કરી દેવાશે. પર્યાવરણની જાળવણી અને મુસાફરોની અનુકુળતાને ધ્યાને રાખી બસને આધુનિક ટેકનોલોજી થકી સજ્જ કરાઈ છે જેનાથી મુસાફરોમાં સંતોષની લાગણી ઉભી થઈ છે. હાલમાં ચિલોડા, ચાંદખેડા, પેથાપુર, ઈન્દિરાબ્રિજ, ઉનાવા તેમજ અન્ય રૂટ ઉપર મુસાફરોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે જે સીટી બસને મળેલો ભવ્ય આવકાર જણાઈ રહ્યો છે.

## લિંમ્બચ ધામ ખાતે ગુરૂવારે ૧૭મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ સ્થિત લિંમ્બચ ધામ ખાતે આગામી તા.૨૩ નવેમ્બરને ગુરૂવારના રોજ લિંમ્બચ માતાજી મંદિરનો ૧૭મો પાટોત્સવ ધામધુમથી ઉજવાશે. જે માટે પ્રેરણા પ્રગતિ મંડળ ( ગુજરાત નાયી-વાળંદ સમાજ) ગાંધીનગર નૂતન વર્ષાભિનંદનની સર્વ શુભેચ્છા સહ આમંત્રણ પાઠવે છે. જેમાં ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે ધ્વજારોહણ, નવચંડી હવન સવારે ૧૦ કલાકે તેમજ સન્માન સમારોહ બપોરે ૨ કલાકે યોજાશે. જયારે સાંજે ૪.૩૦ કલાકે શ્રી ફળ હોમાશે ત્યારબાદ સ્વરૂચી ભોજનનું આયોજન સાંજે ૫ કલાકથી શરુ થશે. આ પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે કમલેશ રમણલાલ શર્મા ખાસ ઉપસ્થિત રહેશે. તેમજ સમાજના આમંત્રિત મહેમાનો ખાસ હાજર રહેશે.

## વિજ્ઞાન કોલેજના ૪૭૨ વિદ્યાર્થીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરાયો

### એનએસએસ યુનિટ તથા રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા જાગૃતિ અંતર્ગત તપાસ શિબિર યોજવામાં આવી



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગરની શાળા-કોલેજોમાં થેલેસેમિયા રોગ પ્રત્યે જાગૃતિ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તાજેતરમાં સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજમાં થેલેસેમિયા તપાસ શિબિરનું આયોજન કરવામાંઆવ્યું હતું. જેમાં કોલેજના પ્રથમ વર્ષના ૪૭૨ વિદ્યાર્થીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ યુનિટ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને લગતા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. તાજેતરમાં કોલેજ પટાંગણમાં એનએસએસ યુનિટ દ્વારા અમદાવાદની રેડક્રોસ સોસાયટીના સહયોગથી વિના મૂલ્યે થેલેસેમિયા તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કે.જી. છાયા તથા એનએનએસ યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડૉ. યુ.પી. તરપદાની અધ્યક્ષતામાં હાથ ધરાયો હતો. જેમાં કોલેજમાં બીએસસીના પ્રથમ વર્ષના ૪૭૨ વિદ્યાર્થીઓની થેલેસેમિયા નિદાન માટે તપાસ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને અનુલક્ષીને તથા થેલેસેમિયા રોગ અંગે જાગૃતિ ફેલાવવાના આશયથી આ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓનો પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડયો હતો.

## અડાલજ ગામમાં યુવાનનો ગળે ફાંસો

### ખરાબાની ગેરકાયદે જગ્યાના વિવાદમાં યુવાને પંચાયતના સંકુલના ઝાડ સાથે દોરી બાંધી આપઘાત કરી લીધો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર નજીક અડાલજ ગ્રામ પંચાયતના સંકુલમાં ઝાડ સાથે દોરી બાંધી ગામના એક યુવાને ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. ખરાબાની ગેરકાયદે જગ્યામાં પાકુ બાંધકામ શરુ કરી દબાણ વધારી રસ્તામાં અડચણ ઉભી કરવાના મામલે આ યુવાન અને પંચાયત સામ સામે આવી જતા ઉગ્ર બોલાચાલી ગઈ કાલે થવા પામી હતી. દરમિયાન આજે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાની જાણ થતા પોલિસે અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે. મૃતકે આપઘાત કરતા પહેલા સ્યુસાઈડ નોટ પણ લખી હોવાનું જાણવા મળ્યું છે. મળતી માહિતી મુજબ અડાલજ ગ્રામ પંચાયત દ્વારા





ખરાબાની જગ્યામાં ગેરકાયદે દબાણ કરીને રહેતા પરિવારજનોને અગાઉ વાદ-વિવાદ ન થાય તે માટે માપણી કરીને સરખી જમીન રહેવા માટે ઉપયોગ કરવા આપી હતી. ત્યાં જ અડાલજના ગણપતભાઈ ભયજીભાઈ દંતાણી પણ રહેતા હતા. ગેરકાયદે આ જગ્યામાં કાચુ બાંધકામ કરીને શાંતિથી રહેવા પંચાયતે 'ઓફ ધ રેકર્ડ' મંજુરી આપી હતી પરંતુ ત્યાં ગણપતભાઈએ દંતાણીએ ઈંટો ઉતારીને પાકુ બાંધકામ કરવાની અને વધુ જગ્યામાં બાંધકામ કરવાનું શરુ કરી નડતર ઉભી કરાઈ હોવાની અરજીઓ ગ્રામ પંચાયતને મળતા આ બાંધકામ રોકવા બાબતે ગઈ કાલે પંચાયતમાં બોલાચાલી થઈ હોવાનું સુત્ર પાસેથી જાણવા મળ્યું છે. આ ઘટના બાદ આજે વહેલી સવારે પંચાયતના કંપાઉન્ડમાં જ ઝાડ સાથે દોરી બાંધી ગણપતભાઈ દંતાણીએ ગળે ફાંસો ખાઈ લેતા સન્નાટો છવાઈ ગયો હતો. અડાલજ પોલિસે મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

## કેશ સાથે પકડાયેલો સંભવિત ઉમેદવાર અલ્પેશ ઠાકોરને મળવા જતો હતો...!

### સર્વેલન્સ સ્કવોર્ડે રૂ. ૯.૯૬ લાખ કેશ સાથે પકડેલા લાલસિંહ પરમાર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૨

સ્ટેટીક સર્વેલન્સ સ્કવોર્ડ દ્વારા ગઈ કાલે લેકાવાડા પાસેથી પક્ષના લોકો સાથે જતી કાર સાથે હિંમતનગરના એક સંભવિત ઉમેદવારને પકડયા હતા. તેમની કારમાંથી રૂ. ૯.૯૬ લાખ કેશ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આ સંભવિત ઉમેદવાર સામે ચિલોડા પોલિસે ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

સ્ટેટીક સર્વેલન્સ સ્કવોર્ડના હાથે પકડાયેલા ૨૭ હિંમતનગર વિધાનસભાના સંભવિત ઉમેદવાર લાલસિંહ પી. પરમાર પાસેથી રૂ. ૯.૯૬ લાખ રોકડા મળી આવ્યા હતા. આ રૂપિયા સીઝડ કરી ચિલોડા પોલિસ મથકના પી.આઈ. નિરજ પટેલ દ્વારા તેની સામે ગુનો દાખલ કરી તપાસ શરુ કરવામાં આવી છે કે આ રૂપિયા મતદારોને આકર્ષવા કે રીઝવવાના હેતુસર લવાઈ રહ્યા હતા કે કેમ? તો બીજી તરફ ચિલોડા પોલિસે કરેલી પુછપરછમાં બહાર આવ્યું છે કે તે કોંગ્રેસ પક્ષના અલ્પેશ ઠાકોરને મળવા અમદાવાદ તરફ જઈ રહ્યો હતો. ચિલોડા પોલિસે તેની સામે ગુનો દાખલ કરી નોટીસ આપીને જવા દીધો છે અને તપાસ બાદ ચાર્જશીટ ફ્રેમ કરવામાં આવશે.

## દેશી દારૂની હેરાફેરી કરતો વોન્ટેડ બુટલેગર પકડાયો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમ નાસતા ફરતા આરોપીઓની યાદી બનાવી તબક્કાવાર તેમને પકડવા સક્રીય થઈ છે ત્યારે આજે વધુ એક નાસતા ફરતા આરોપીને પકડી પાડવામાં આવ્યો છે. ૩ નવેમ્બરે રાણજીપુરા ગામેથી ચાંદખેડા જતી ઈન્ડિકા કારમાંથી ૭૦ લીટર દેશી દારૂ પકડાયો હતો. આ ગુનામાં ઉવારસદ રાણજીપુરાનો આરોપી બાલાજી રવાજી ઠાકોર ત્યારથી ફરાર હતો. એસઓજીની ટીમે ઉવારસદ પાસે વોચ ગોઠવી આજે તેને પકડી પાડયો છે. તેની પુછપરછ શરુ કરી ચાંદખેડા પોલીસ સ્ટેશનના ગુનામાં પણ આ શખ્સ વોન્ટેડ હોવાનું ખુલતા ચાંદખેડા પોલીસને જાણ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



# ચિક્કાર પીધેલા સ્કૂલવાન ચાલકે અકસ્માત સર્જયો...!!

## સે-૨૩માં શાળાએ બાળકોને લેવા જતી સ્કૂલવાન સ્ટ્રીટ લાઈટના પોલને અથડાઈ : સદભાગ્યે વાનમાં બાળકો ન્હોતા : વાલીઓમાં બાળકોની સુરક્ષા પ્રત્યે ચિંતાનો માહોલ

ગાંધીનગર, તા.૨૨

શું આપ આપના બાળકને સ્કૂલવાનમાં શાળાએ મોકલો છો? જો હા તો આપે ખાસ ધ્યાનમાં લવા પડે એવા સમાચાર છે. આજે ગાંધીનગરના સેકટર-૨૩માં એક સ્કૂલવાન ચાલક તેની વર્ધીના બાળકોને સ્કૂલ છુટવાના સમયે લેવા માટે જઈ રહ્યો હતો ત્યારે તેણે સ્ટીઅરીંગ પર કાબુ ગુમાવતા વાનનો અકસ્માત થવા પામ્યો હતો. અકસ્માતના પગલે એકઠા થયેલા નગરજનોએ જયારે વાનમાંથી ચાલકને બહાર કાઢયો ત્યારે ખબર પડી કે તેણે ચિક્કાર દારૂ પીધો હતો. આ જોઈને નાગરિકોએ તેના પર ફિટકાર વરસાવવા સાથે પ્રભુનો પાડ માન્યો કે અકસ્માત સમયે વાનમાં બાળકો નહોતા. માત્ર સ્કૂલ વાહનો જ નહી પરંતુ પાટનગરમાં બેફામ દોડતી શટલિયા જીપ પર પણ પોલિસે નિયંત્રણ સાધવું આવશ્યક બનતું જણાય છે.

આજના યુગમાં શહેરમાં ટ્રાફિકનું વધતું ભારણ થતા રહેઠાણ કરતા શાળા વચ્ચે અંતર વધુ રહેતું હોવાને કારણે વાલીઓને ના છૂટકે બાળકોને શાળાએ સ્કૂલ રીક્ષા અથવા સ્કૂલવાનમાં મોકલવા પડે છે. પોતાના લાડકવાયા કુમળા સંતાનોને વાલીઓ સ્કૂલ રીક્ષા કે સ્કૂલવાનના ચાલકના ભરોસે મોકલે છે પરંતુ કેટલાક ચાલકો પોતાની જવાબદારી ભૂલી ટ્રાફિકના નિયમોનું સદંતર ઉલ્લંઘન કરવા સાથે નશાખોરી કરી આ ભૂલકાંઓના જીવ જોખમમાં મુકતા અચકાતા નથી. સરકારી તંત્ર અને પોલિસ તંત્ર પણ નીતિ નિયમો નેવે મુકીને ઘેટાં-બકરાંની જેમ બાળકો ભરી બેફામ રીતે દોડતા સ્કૂલવાહન ચાલકો સાથે મીલી ભગત કે હપ્તા ખોરી કરી કડક પગલાં ભરતી નથી અને ચાલકોની બેદરકારીઓ પ્રત્યે આંખ મીંચામણા કરે છે. આ સંજોગોમાં કેટલાક સ્કૂલ વાહનચાલકો થોડા પૈસા માટે બાળકોની જીંદગી દાવ પર લગાવતા અચકાતા નથી. આજ રીતે પાટનગરમાં દોડતી શટલીયા જીપોના ચાલકો પણ મુસાફરોના જીવ જોખમમાં મુકતા જોવા મળી રહ્યા છે.

આજે આશરે બપોરના ૧૨ વાગ્યા પછીના સુમારે સેકટર-૨૩માં સ્થિત એક પ્રતિષ્ઠિત શિક્ષણ સંકુલની શાળાના બાળકો વર્ધીનો સ્કૂલવાન ચાલક જયારે શાળાએથી છુટતા બાળકોને લેવા માટે જઈ રહ્યો હતો ત્યારે સ્વામિનારાયણ મંદિરથી નિસર્ગ સાયન્સ સેન્ટર તરફના માર્ગે રોડ સાઈડના સ્ટ્રીટલાઈટના પોલ સાથે અથડાઈ પડયો હતો. આ સ્કૂલવાન ચાલક ખૂબ જ પીધેલો હોવાનું માલુમ પડયું હતું. જેથી અકસ્માત સમયે એકઠા થયેલા નાગરિકો સ્તબ્ધ થઈ જવા પામ્યા હતા. આ નાગરિકોએ હાશકારો લીધો હતો કે વાનબાળકોને લેવા જઈ રહી હતી, જો બાળકોને લઈને આવી રહી હોત તો મુશ્કેલી સર્જાત એ વિચારે કેટલાકે વાન ચાલકને ઠપકો પણ આપ્યો હતો. વળી, થોડીક જ વારમાં સ્કૂલ છુટતા અન્ય સ્કૂલવાહન ચાલકો બાળકો લઈને પરત ફરી રહ્યા હતા તેમણે અકસ્માત પામેલી સ્કૂલ વાન જોઈ પોતાનું વાહન થોભાવ્યું પરંતુ તેઓ વાનચાલકને ઓળખી જતા 'આ તો નહી સુધરે, અગાઉ પણ બે ત્રણ વાર અકસ્માત સર્જી ચુકયો છે' તેવું કહી ઘટના સ્થળેથી ચાલતી પકડી હતી.

### ટ્રાફિક પોલિસના આંખ મીંચામણા માટે હપ્તાખોરીની આશંકા

સ્કૂલ રીક્ષા કે વાનમાં બાળકોને ઘેટાં-બકરાની જેમ ભરવામાં આવે છે તેવા ફોટા અનેકવાર માધ્યમોમાં પ્રકાશિત થતા રહે છે. વળી, ટ્રાફિકના નિયમોનું સદંતર ઉલ્લંઘન કરતા અને ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરી બાળકોની જીંદગી જોખમમાં મુકતા ચાલકો પ્રત્યે ટ્રાફિક પોલિસ કોઈ પગલા ભરતી નથી ત્યારે નાગરિકોને હપ્તાખોરીની શંકા થાય છે. નશો કરીને સ્કૂલ વાહન હંકારતા ચાલકો પ્રત્યે વાલીઓ સજાગ થાય સાથે પોલિસ કડક હાથે કામ લે તે જરુરી બન્યું છે.



### સીસીટીવી કેમેરામાં ના ઝડપાવ તેટલા દૂરથી પેસેન્જર ભરો

શહેરમાં ગાંધીનગર-અમદાવાદ માટે દોડતી શટલિયા જીપચાલકો પણ ઘેટાં-બકરાંની જેમ મુસાફરો ભરતા હોવા ઉપરાંત ચાલુ વાહને મોબાઈલ વાપરવો, સીટ બેલ્ટ નહીં બાંધવો, ટ્રાફિકના નિયમો તોડવા, રોંગ સાઈડ ડ્રાઈવ કરવું, રોંગ સાઈડથી ઓવરટેક કરવા જેવી અક્ષમ્ય બેદરકારી દાખવતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. વળી, ટ્રાફિક પોલિસની મીલી ભગતની પણ શંકા સેવાઈ રહી છે. જેમ કે પથિકાશ્રમ સર્કલે શટલિયા જીપોને સર્કલ પરના સીટીટીવી કેમેરામાં પેસેન્જર ભરતા ઝડપાઈ ના જાય તેટલા દૂર અંતરે ઉભા રહી પેસેન્જર ભરવા દેવામાં આવે છે.

## @ગાંધીનગર

● ગાંધીનગરના ઘ-૪ સર્કલ નજીકના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં સવારના ૯ વાગ્યાની આસપાસ મધમાખીઓ ઉડતા ગાર્ડનમાં વાંચન કાર્ય કરી રહેલા વિદ્યાર્થીઓમાં દોડાદોડ થઈ હતી. આ દરમિયાન એક વિદ્યાર્થીની બગીચાના પાણીના ફુવારાઓ વચ્ચે જતી રહેવા છતાં તેને મધમાખીઓના ડંખથી ના બચી શકી એટલે તેને તથા અન્ય એક યુવાનને પણ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સારવાર આપવી પડી હતી.

● સીઆરપીએફની ટેકનિકલ તથા ટ્રેડસમેન કોન્સ્ટેબલની પોસ્ટ માટેની વર્ષ ૨૦૧૬-૧૭ની ભરતી પરીક્ષાનું આખરી પરિણામ જાહેર કરી દેવાયું છે. આ પરિણામ www.crpf.nic.in વેબસાઈટ ઉપર મુકવામાં આવ્યું છે.

● ગાંધીનગર સમાચારમાં તા. ૨૨મી નવેમ્બરના રોજ પ્રકાશિત થયેલા હોમ લોનના વ્યાજદરમાં ઘટાડાના સમાચારમાં મુદ્રણ ક્ષતિના કારણે દેનાબેંક દ્વારા રૂ. ૨.૭૫ લાખ સુધીની લોન અપાય છે તેવું છપાયું છે. હકીકતમાં આ બેંક દ્વારા રૂ. ૭૫ લાખ સુધીની હોમ લોન આપવામાં આવે છે તે વાચકોએ ધ્યાનમાં લેવા વિનંતી.

## આસામના મુખ્યમંત્રીએ સે-૨૪ની શુભેચ્છા મુલાકાત લીધી

આસામના મુખ્યમંત્રી અને દેશના દિગ્ગજ નેતા તરૂણ ગોગોઈ આજે ગાંધીનગર શહેરના આંગણે પધાર્યા હતા. આસામના મુખ્યમંત્રી તરૂણ ગોગોઈએ સૌ પ્રથમ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને સિનિયર આગેવાન માધવસિંહ સોલંકી સાથે તેમના નિવાસસ્થાને મુલાકાત કર્યા બાદ સેકટર-૨૪ ખાતે આવેલ શ્રીનગર સોસાયટીમાં સ્થિત અંબાજી માતાજીના મંદિરે દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ત્યારબાદ સ્થાનિક યુવાનો સાથે રાજકીય પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. યુવાનોને રાજકારણમાં કઈ રીતે કામ કરવું અને સેવાકીય પ્રવૃતિ સાથે જોડાયેલી પરિસ્થિતિનો સંવાદ કર્યો હતો. સેકટર-૨૪ના સ્થાનિક કોર્પોરેટર, આગેવાનો અને વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સંત શ્રી રોહિદાસ સેવા સમાજની વાર્ષિક સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૨૨

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત), ગાંધીનગર સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬-૧૧-૨૦૧૭ રવિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે સંસ્થાના પરિસર ખાતે મળશે. તો દરેક સભ્યશ્રીઓએ સમયસર હાજર રહેવા સંસ્થાના મંત્રી જગદીશભાઈ કે.પરમારે અનુરોધ કર્યો છે.

## માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી/ કર્મચારીઓનું સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૨૨

માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી/ કર્મચારીઓનું સ્નેહમિલન તા.૨૬-૧૧-૨૦૧૭ રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે સે-૨૩ ખાતે આવેલા શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે. જેમાં હાજર રહેવા વિનંતી છે.

## ચિરવિદાય

- સ્વ. નવુબા નથ્થુજી વાઘેલા, ઉ.વ. ૭૫
- સ્વ. બચુભાઈ શંકરભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. ભીખીબેન છોટાલાલ ભાવસાર, ઉ.વ.૬૯
- સ્વ. જીવતબેન ભલાજી સોલંકી, ઉ.વ. ૮૦